પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૦ | ૨૧ ડિસેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; માગશર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પૂર્વ ક્રિકેટર રમણ મહિલા ક્રિકેટ કોચ

પૂર્વ ક્રિકેટર ડબલ્યુ રમણને ભારતીય મહિલા ક્રિકેટ ટીમના નવા કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પદ માટે ત્રણ પૂર્વ ક્રિકેટરોના ઈન્ટરવ્યુ લેવાયા હતા. ત્યારબાદ ડબલ્યુ રમણની નિમણુંક કરવામાં આવી છે.

### બ્રિટીશ વિઝા પોલીસીમાં ફેરફાર

બ્રિટીશ વિઝા સિસ્ટમમાં છેલ્લા ૪૦ વર્ષમાં સૌથી મોટો બદલાવ થવા જઈ રહ્યો છે. બ્રેક્ઝિટ બાદ બ્રિટન વિઝા મામલે ભારત અથવા અન્ય કોઈ દેશના નાગરિકને યુરોપિયન યુનિયનના ૨૭ દેશોના નાગરિકો સમાન જ ગણવામાં આવશે. નવા નિયમોના કારણે ભારતીય પ્રોફેશનલ્સને સૌથી વધુ ફાયદો થશે.

### હર્બલ ફોરેસ્ટનું ઉદ્દઘાટન

દુનિયાનુ પ્રથમ હર્બલ ફોરેસ્ટ મોરનીના પહાડી વિસ્તારમાં તૈયાર થયુ છે. હરિયાણાના આ વિસ્તારમાં પતંજલિના સહયોગથી તૈયાર થયેલા આ ફોરેસ્ટમાં ૨૫ હજાર જેટલી ઔષધીઓ ઉછેરવામાં આવી છે.

### દેશની સૌથી ઝડપી ટ્રેન-૧૮ને વડાપ્રધાન ૨૯મીએ લીલીઝંડી આપશે

દેશની સૌથી ઝડપી ગતિ વાળી એન્જિન વગરની ટ્રેન ૧૮ દિલ્હીથી વારાણસી વચ્ચે દોડતી થશે. સૂત્રો પ્રમાણે શતાબ્દી ટ્રેનની જગ્યા લેનાર આ ટ્રેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૯ ડિસેમ્બરે તેમના સંસદીય ક્ષેત્ર વારાણસીથી લીલી ઝંડી આપશે.

# બિહારમાં મહાગઠબંધનની જાહેરાત

**કુશવાહ મહાગઠબંધનમાં જોડાયા : દિલ્હીમાં ઘટક પક્ષોની બેઠકમાં નિર્ણય લેવાયો : દેશમાં બિનઘોષિત ઇમરજન્સીની સ્થિતિ હોવાનો તેજસ્વી દ્વારા દાવો કરાયો : મંચ ઉપર અહેમદ પટેલ પણ દેખાયા**



નવી દિલ્હી, તા. ૨૦

મોદી સરકારમાં મંત્રીપદેથી રાજીનામુ આપી દેનાર અને એનડીએ સાથે છેડો ફાડી લીધા બાદ રાષ્ટ્રીય લોકક્ષમતા પાર્ટીના અધ્યક્ષ ઉપેન્દ્ર કુશવાહ આજે યુપીએનો હિસ્સો બની ગયા તા. દિલ્હીમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિના હેડક્વાર્ટર ખાતે પહોંચીને તેઓએ યુપીએની સાથે હાથ મિલાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, એનડીએમાં તેમનું અપમાન થઈ રહ્યું હતું. કુશવાહના યુપીએમાં સામેલ થવાના પગલા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલે બિહારમાં મહાગઠબંધનના નેતાઓની ઉપસ્થિતિમાં બેઠક યોજી હતી. આ પ્રસંગે આરજેડી નેતા તેજસ્વી યાદવે કુશવાહના મહાગઠબંધનમાં સ્વાગત કરીને વડાપ્રધાન મોદી ઉપર પ્રહાર કર્યા હતા. ઉપેન્દ્ર કુશવાહના મહાગઠબંધનમાં સ્વાગત કરતા તેજસ્વીએ કહ્યું હતું કે, આ બંધારણ અને દેશ બચાવવાની લડાઈ છે. હાલના સમયમાં દેશમાં જાહેર નહીં કરાયેલી ઈમરજન્સીની સ્થિતિ છે. મોદી ઘટક પક્ષો ઉપર કઠોર વલણ અપનાવી રહ્યા છે. આરજેડીના નેતાએ કહ્યું હતું કે, આ તેમની સામેની લડાઈ છે. મોદીએ પ્રજાની સાથે વિશ્વાસઘાત કર્યો છે. પ્રજા યોગ્ય જવાબ આપવા માટે તૈયાર છે. તેજસ્વી યાદવે કહ્યું હતું કે, આજે દેશના બંધારણ અને

● અનુસંધાન પાના - ૭ પર

# ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી જનજીવન પર માઠી અસર

**લેહ અને કારગીલમાં માઇનસ ૧૫ ડિગ્રી : આગામી બે દિવસ સુધી ધુમ્મસ અને વરસાદના કારણે પારો ગગડશે : ટ્રેન અને વિમાની સેવાને અસર**



નવી દિલ્હી,તા. ૨૦

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીથી હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. કેટલાક વિસ્તારોમાં હિમ વર્ષા અને વરસાદના કારણે પારો વધારો ગગડી ગયો છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઈ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી

● અનુસંધાન પાના - ૭ પર

# બંગાળમાં ભાજપની રેલીને લીલીઝંડી

**મમતા બેનર્જીને ફટકો : કોલકાતા હાઈકોર્ટે મંજુરી આપતા ભાજપ કાર્યકરોમાં ખુશી : ગણતંત્ર બચાવો યાત્રાની ત્રણ તારીખો પહેલાથી જ નક્કી થઇ ચુકી છે જે પૈકી હવે ૨૨મી ડિસેમ્બરથી કૂચબિહારથી યાત્રા : ભાજપે તમામ તાકાત લગાવી**

કોલકાતા, તા. ૨૦

ભારતીય જનતા પાર્ટીને આજે પશ્ચિમ બંગાળમાં મોટી રાહત મળી ગઈ હતી. કારણ કે, ભાજપની ગણતંત્ર બચાવો રથયાત્રાને કોલકાતા હાઈકોર્ટે લીલીઝંડી આપી દીધી હતી. પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે ભાજપની આ સૂચિત રથયાત્રાને લઈને જોરદાર વાંધો ઉઠાવ્યો હતો અને સાંપ્રદાયિક માહોલ ખરાબ થઈ શકે છે તેવી દલીલ કરી હતી પરંતુ પશ્ચિમ બંગાળ સરકારની દલીલને આજે કોલકાતા હાઈકોર્ટે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, સાંપ્રદાયિક શાંતિમાં ખલેલ પહોંચાડવાની આશંકા દર્શાવનાર ગુપ્તચર રિપોર્ટ રાજ્યમાં ભાજપની રથયાત્રા અને રેલીને મંજુરી નહીં આપવા સાથે કોઈ સંબંધ નથી. ગુપ્તચર રિપોર્ટ રાજ્યમાં ભાજપની રથયાત્રા રેલીને મંજુરી આપવાથી ઈન્કાર કરવાનું અગાઉ કારણ રહ્યું હતું. આના પર ભાજપના વકીલ એસકે કપૂરે આક્ષેપ કરતા કહ્યું હતું કે, આના માટે મમતા બેનર્જી સરકાર તરફથી મંજુરી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. મમતા બેનર્જી સરકારે પહેલાથી જ આ નિર્ણય કરીને રાખ્યો હતો. આના માટે કોઈ આધાર ન હતો. તેમણે કહ્યું હતું કે, અંગ્રેજોના સમયમાં મહાત્મા ગાંધીની દાંડી માર્ચ યોજવામાં આવી હતી તે વખતે પણ તેમને કોઈએ રોક્યા ન હતા પરંતુ હવે સરકાર કહે છે કે તે રાજકીય રેલી કાઢવાની મંજુરી આપશે નહીં. ભાજપે પોતાની અરજી મારફતે રેલીને મંજુરી આપવાના ઈન્કારને લઈને મમતા બેનર્જી સરકાર સામે જોરદાર પડકાર ફેંક્યો હતો. તૃણમુલ કોંગ્રેસ સરકારના પગલાને પડકાર ફેંકવામાં આવ્યો હતો. ભાજપ તરફથી કોર્ટમાં કહેવામાં આવ્યું હતુ કે, રાજ્ય સરકારે પોતાના દાવાના સમર્થનમાં કોઈપણ નક્કર બાબતો રજૂ કરી ન હતી. માત્ર રેલી

● અનુસંધાન પાના - ૭ પર

# આજે બેંક કર્મીઓ વિવિધ માંગ સાથે હડતાળ પર

**પાંચ દિવસ બેંકો બંધ રહેશે જેથી રોકડ કટોકટી સર્જાશે : ૨૬મી ડિસેમ્બરે પણ હડતાળ થશે : ચોથા શનિવાર અને ત્યારબાદ રવિવારની રજા**

પાંચ દિવસ સુધી બેંકો બંધ રહેનાર છે. આવી સ્થિતિમાં બેંકો સાથે સંબંધિત કામગીરીને વહેલીતકે પૂર્ણ કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. રોકડની કટોકટી ઉભી થઈ શકે છે. શુક્રવારથી લઈને આગામી બુધવાર સુધી (૨૪મી ડિસેમ્બર એટલે કે સોમવારને બાદ કરતા) બેંકો બંધ રહેશે જેથી લોકોને કટોકટી ઉભી થઈ શકે છે. બેંક કર્મચારીઓના સંગઠન યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા ૨૬મી ડિસેમ્બરના દિવસે હડતાળની જાહેરાત કરવામાં આવી છે પરંતુ હવે કેટલીક બેંક યુનિયનોએ આવતીકાલે ૨૧મી ડિસેમ્બરના દિવસે પણ કામકાજ ખોરવી નાંખવાની જાહેરાત કરી દીધી છે. બેંકિંગ કર્મચારીઓ ૧૧માં પંચને અમલી ન કરવાના વિરોધમાં હડતાળ પાડવા જઈ રહ્યા છે.

# જસદણ પેટા ચૂંટણીમાં ૭૨ ટકા મતદાન

**ઉંચા મતદાન બાદ બંને પાર્ટીઓના જીતવા માટેના દાવાઓ : બાવળિયા, અવસર નાકિયા સહિતના ઉમેદવારોના ભાવિ ઇવીએમમાં સીલ થયા : ૨૬૨ મતદાન કેન્દ્રો ઉપર શાંતિપૂર્ણરીતે મતદાન : સસ્પેન્સ અકબંધ : ૨૩મીએ પરિણામ**



અમદાવાદ,તા. ૨૦

જસદણમાં જાણે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ હોય એ પ્રકારે ભારે ઉત્તેજના અને ઉત્સાહ વચ્ચે જસદણ વિધાનસભાની આજે પેટાચૂંટણી યોજાઈ હતી. વહેલી સવારથી સ્થાનિક મતદારો જુદા જુદા મતદાનમથકો પર કાતિલ સુસવાટા મારતી ઠંડી હોવાછતાં મતદાન માટે ઉમટયા હતા. બપોર બાદ મતદાનની પ્રક્રિયાએ વેગ પકડયો હતો અને સાંજ સુધીમાં આશરે ૭૫ ટકાની આસપાસ મતદાન નોંધાયું હતું. મતદાન મથકો પર સમગ્ર દિવસ દરમ્યાન લાંબી લાઈનો જોવા મળી હતી. એકાદ-બે ઘર્ષણના બનાવોને બાદ કરતાં સમગ્ર જસદણમાં મતદાન એકંદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. આજની જસદણની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકીયાએ છકડો રિક્ષા ચલાવી પોતાના ગામ આસલપુરમાં

● અનુસંધાન પાના - ૭ પર

# સરકારી બેંકોમાં ૮૩૦૦૦ કરોડ રૂપિયા ઠાલવવા માટેની હિલચાલ

**બેંકોમાં એનપીએની સ્થિતિની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ : આરબીઆઈના નિયંત્રણનો સામનો કરી રહેલી બેંકો ઉપરાંત અન્ય સરકારી બેંકોમાં પણ નાણાં ઠલવાશે : ૪૨૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ થશે : જેટલી**

નવીદિલ્હી, તા. ૨૦

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કેટલાક મહત્વપૂર્ણ મુદ્દા ઉપર વાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, બેંકોમાં એનપીએની સ્થિતિને લઈને ચકાસણીની કામગીરી થઈ ચુકી છે. સરકારી બેંકોને ૮૩૦૦૦ કરોડ રૂપિયા ઠાલવવામાં આવનાર છે. તેમણે કહ્યં હતું કે, આ રકમ માત્ર આરબીઆઈના

● અનુસંધાન પાના - ૭ પર

# વિરજી ઠુમ્મર અને ઋત્વિક મકવાણાની પોલીસે અટકાયત કરી

જસદણ,તા.૨૦

જસદણ પેટાચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ પર સરકાર મશીનરીના દુરૂપયોગનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસના લાઠીના ધારાસભ્ય વિરજી ઠુમ્મર અને ચોટીલાના ધારાસભ્ય ઋત્વિક મકવાણાની પોલીસે અટકાયત કરતા રાજનીતિ ગરમાઈ છે. વિરજી ઠુમ્મરનો આક્ષેપ છે કે તેઓ કાર્યકરોને મળવા જતા હતા ત્યારે નવા ગામ પાસે તેમની અટકાયત કરવામાં આવી હતી.

વિરજી ઠુમ્મરે અટકાયતનું કારણ પૂછ્યું તો પોલીસે કારણ જણાવવાનો ઈનકાર કર્યો હતો. વિરજી ઠુમ્મરે પોલીસ પર તેમને માનસિક રીતે હેરાન કરવાનો પણ આક્ષેપ કર્યો છે. કોંગ્રેસે આ રીતે

● અનુસંધાન પાના - ૭ પર

# કુંવરજી બાવળિયાએ અભદ્ર ભાષામાં મતદારને ધમકાવ્યો : કોંગ્રેસનો આક્ષેપ

જસદણ,તા.૨૦

ભાજપ અને કોંગ્રેસ બંને માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનેલી જસદણની વિધાનસભા બેઠક ઉપર મતદાન ચાલી રહ્યું છે ત્યારે સોશિયલ મીડિયામાં કથિત રીતે ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળિયાની એક ઑડિયો ક્લીપ વાયરલ થઈ છે. આ ક્લીપમાં કુંવરજી બાવળિયા એક કોળી મતદારને પોતાની તરફેણમાં મતદાન કરવા માટે ધમકી આપી રહ્યાં હોવાનું જણાય છે. એટલું જ નહીં, ઑડિયામાં તેઓ અપશબ્દો પણ બોલી રહ્યાં છે. હાલ આ ઑડિયો ક્લીપ લોકોમાં ચર્ચાનો વિષય બની છે. લોકો ચર્ચા કરી રહ્યાં છે કે જસદણ બેઠક ઉપર હારવાનું નક્કી જણાતા ભાજપના નેતા ગુંડાગીરી ઉપર ઉતરી આવ્યાં છે.

આ ક્લિપને લઈ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આક્ષેપ કરતા કહ્યું કે, હાર ભાળી ગયેલા બાવળિયા મતદારને અભદ્ર ભાષામાં ધમકાવી રહ્યા છે. ઓડિયોમાં બાવળિયા મોઢુકા ગામના રાજુ રમેશભાઈ જાદવ નામના મતદારને અભદ્ર ભાષામાં ધમકાવી રહ્યા છે.

# માલ્યા સહિત ૫૮ ભાગેડુને પરત લાવવા સરકાર સુસજ્જ

નવી દિલ્હી,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે શરાબ કારોબારી વિજય માલ્યા સહિત અન્ય ૫૮ ફરાર અને ભાગેડુ અપરાધીઓને ભારત લાવવા માટેના પ્રયાસમાં છે. આના માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સરકારે સંસદમાં ખાતરી આપતા કહ્યુ છે કે વિજય માલ્યા ઉપરાંત નિરવ મોદી, મહેલ ચોકસી, નિતિન અને લલિત મોદી સહિત તમામ ભાગેડુને ભારત લાવવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ તમામ અપરાધી ભારતમાં ગુનો કર્યા બાદ વિદેશમાં ફરાર થઈ ગયા હતા. આ તમામ અપરાધીઓ માટે ઈન્ટરપોલમાં રેડ કોર્નર નોટીસ અને પ્રત્યાર્પણના પ્રયાસો ચાલી રહ્યા છે. સરકારે કહ્યુ છે કે આ ૫૮ ભાગેડુ અપરાધીઓ ઉપરાંત સરકાર, સીબીઆઈ અને ઈડી તેમજ અન્ય તપાસ સંસ્થાઓ ૧૬ અન્ય પ્રત્યાર્પણની માંગ જુદા જુદા દેશોમાં કરેલી છે. આ દેશોમાં સુએઈ, યુકે, બેલ્જિયમ, ઈજિપ્ત, અમેરિકા અને એન્ટિગુઆનો સમાવેશ થાય છે. લોકસભામાં આ અંગે માહિતી આપવામાં આવી છે કે ઓક્ટોબર મહિનામાં જ સરકારે વીઆઈપી હેલિકોપ્ટર ખરીદી કોંભાડમાં બે અન્ય વચેટિયાને ભારત લાવવા માટે અપીલ કરી હતી.




સ્ટોર સ્પોન્સરશિપ તથા જાહેરાત માટે સંપર્ક કરો

